**કેશોદના મ્હે. એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કેશોદ**

**ફોજદારી કેસ નં.૧૧૮૧/૨૦૨૫**

**આંક–૭**

શ્રી સ ર કા ર . . . **ફરિયાદી**

**વિ રૂ ઘ્ધ**

કેશવ પુંજાભાઈ વાઢીયા **આરોપી**

ગુનો :– **ગુજરાત પ્રોહિ. એકટની કલમ ૬૫ એએ મુજબ...**

**– : : ચૂકા દો : : –**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પાસેથી દારૂ મળી આવેલ હોય આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપી વિરૂઘ્ધ ફરીયાદ આપેલી છે. આ ફરીયાદ સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ ત.ક.અ. અમલદાર ઘ્વારા રજુ થતા સદર ચાર્જશીટ રજુ કરતો તથા સમન્સ કરતો હુકમ કરેલ.

(૨) આરોપી સમન્સ બજતા આરોપી હાજર થતા નકલો મળ્યા બદલની ખાતરી કર્યા બાદ આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી **આંક.૬.** કબુલાત પુરશીષ રજુ કરતા આરોપી વિરૂઘ્ધ સદર ગુન્હાનુ તહોમત ફરમાવી વાચી સંભળાવી આરોપીનુ નીવેદન નોંધતા આરોપી ગુન્હો કબુલ કરતા જણાવે છે. આરોપી ની ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતા આરોપી તરફે એવી રજુઆત છે કે, તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેંઓ તેમના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપી ને કોર્ટ કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની

કબુલાત કરવા માંગે છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય માત્ર દંડ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ ધ્યાને લેતાં, તેમાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનું જણાઈ આવતું હોય, રેકર્ડ, અને આરોપીની કબુલાત પુરસીશમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તથા આરોપીની કૌટુંબીક પરિસ્થિતિ અને સામાજિક સંજોગો અને તે સાથે આ કેસના સંજોગો ધ્યાને લેતાં, આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વાજબી સં જોગો રહેલા છે તેવુ માનતા, નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ''ગુજરાત રાજય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર''ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : <u>આ ખ રી હુ ક મ</u> : : –**

આ કામના આરોપીને, ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડની રકમ ન ભરે તો દિન – ૦૨ (બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે રહેલ મુદામાલ અપીલ સમય બાદ મુદામાલનો નાશ કરવો.

આ હુકમ આજ તારીખ : ૧૪મી, માહે :માર્ચ, સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, સ્પેશીયલ મેજીસ્ટ્રેટીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કયો".

કેશોદ.
તારીખ : ૧૪–૦૩–૨૦૨૬

(વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ,
કેશોદ.
(gj01484)